અપીલ અરજી નં.૪૨૪ તા.૨–૩–૧૦

અરજદારઃ– શ્રી નિતીન સી. પટેલ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિતીન સી. પટેલની તા.૩૦–૧–૧૦ ની અરજીથી (૧) તા.૧૩–૧૧–૦૯ ના રોજ વિગતવાર અરજી સંબંધિત વિભાગમાં કરવામાં આવેલ આ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને સ્થળ પર શું તપાસ કરવામાં આવી તે તમામ તપાસની નકલ ફાળવવી તેમજ માહિતી આપવા (૨) સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આ.નં.૨૩૭૦ તા.૧–૧૦–૦૯ ગેરકાયદેસર બાંધકામ ૪/૩૦૭ વાળી મિલકતના માલીકે કરતા કારણદર્શક નોટીસ સુ.મ.પા. તરફથી આપવામાં આવી આ નોટીશ બાબતે ઘ.નં.૪/૩૦૭ વાળા માલીકે શું જવાબ સુ.મ.પા.માં રજુ કરેલ છે જેની કોપી ફાળવવી ત્યારબાદ ૪/૩૦૭ વાળી મિલ્કતના માલીકને તાકીદની નોટીશ કઈ તારીખે આપવામાં આવી તેની કોપી ફાળવવા. (૩) તા.૧૩–૧૧–૦૯ ના રોજ વિગતવાર અરજી સંબંધિત વિભાગમાં કરવામાં આવેલ આ અરજી બાબતે સુ.મ.પા. તરફથી બી.પી.એમ.સી. એકટ ૨૬૦ (૧)(૨), ૨૬૮,૩૧૩,૪૩૧, મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.પા.ની આવે છે તો શુ સુ.મ.પા. તરફથી કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? અને ન કરવામાં આવી તો શા માટે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૨૪/૨૦૦૯–૧૦

શ્રી નિતીન સી. પટેલની તા.૩૦–૧–૧૦ ની અરજી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૭ તા.૧૦–૩–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીમાં નિર્દિષ્ટ પત્રોની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તરફથી પત્ર નં.વીઆઈડી/૧૭૬૩ તા.૧૫–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૫૬૫ તા.૧૦–૨–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને તબદીલ કર્યા અંગેના તબદીલ કર્યાના પત્રની નકલ, મુળ અરજીની નકલ , અરજદારનો સંબધિત તા.૧૩–૧૧–૦૯ ના પત્રની નકલ, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તરફથી અરજદારને આપેલ માહિતી પત્ર નં.વીઆઈડી/૧૬૭૫ તા.૨૬–૨–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી. જયારે અરજદારે તા.૧૩–૧૧–૦૯ ના રોજ વીજીલન્સ વિભાગમાં કરેલ ફરીયાદ અરજીની નકલ તથા વીજીલન્સ વિભાગ તરફથી મળેલ પ્રત્યુત્તર પત્ર નં.વીઆઈડી/૯૪૫ તા.૭–૧૦–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩૦–૧–૧૦ ની અરજીથી ઉપરોકત નિર્દિષ્ટ વિષયમાં જણાવ્યા અનુસાર અરજદારે જે માહિતીની માંગણી કરેલ છે તે બાબતે અરજદારને વીજીલન્સ વિભાગ તરફથી તેમની આઈ ડી નં.૪૪૬ તા.૨૭–૭–૦૯ ની અરજી બાબતે વીઆઈ/૭૩૭ તા.૨૫–૮–૦૯ અને વીઆઈડી/૮૦૪ તા.૭–૯–૦૯ થી પાઠવેલ જવાબ અંગે અરજદારને તેમના પત્ર નં.વીઆઈડી/૯૪૫ તા.૭–૧૦–૦૯ થી જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તેમના તા.૧૩–૧૧–૦૯ ની અરજીથી જવાબ સંતોષકારક નથી તેવું જણાવી અરજી કરેલ છે. જેમાં અરજદારે બીયુસી મેળવેલ ન હોવાનું તથા કારખાના ચાલે છે તેવી રજૂઆત કરેલ છે. સદર પત્ર બાબતે અરજદારે થયેલી કાર્યવાહી અંગે તા.૩૦–૧–૧૦ ના રોજ માહિતી માંગતી ઉપરોકત નિર્દિષ્ટ બાબતે અરજી કરવામાં આવેલ છે.

ઉપરોકત બાબતે અરજદારે તા.૧૩–૧૧–૦૯ સબંધિત મુદ્દા નં.૧ અને ૩ ની માહિતીની માંગણી કરેલ છે. જે પૈકી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં.૧૬૭૫ તા.૨૬–૨–૧૦ ના રોજ અરજદારને પત્ર પાઠવી મુદ્દા નં.૧ બાબતે માંગેલ માહિતી સંદર્ભે તપાસ અર્થે સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/એન્જી./ આ.નં.૪૨૪૦ તા.૨૫–૨–૧૦ થી મળેલી માહિતી મુજબ વોર્ડ નં.૪ નોંધ ૩૦૭ વાળી મિલકતના બાંધકામ બાબતે સેન્ટ્રલઝોન ધ્વારા તા.૧–૧૦–૦૯ થી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે. ત્યાર બાદ સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સી.ઝેડ/એન્જી./આ.નં.૩૯૬૦ તા.૪–૨–૧૦ તી તાકીદનો પત્ર પાઠવવામાં આવેલ છે . તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે વીઆઈડી/૧૬૭૫ તા.૨૬–૨–૧૦ ના રોજ આરપીએડી કર્યાની પહોંચની નકલ અત્રે રજૂ કરેલ છે. અરજદારે તા.૨–૩–૧૦ ના રોજ સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદારની તા.૩૦–૧–૧૦ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૬–૨–૧૦ ના રોજ આરપીએડી કરવામાં આવેલ છે. જે જોતાં નિયત સમય મર્યાદામાં માહિતી મોકલવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૩ અંગે વીજીલન્સ વિભાગ તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ નથી. જયારે મુદ્દા નં.૨ અંગે સેન્ટ્રલઝોન તરફથી અરજી તબદીલ

કર્યા બાદ પણ અપીલ તબકકે પૂરક વિગતો માંગતા માહિતી પૂરી પાડયા અંગે કોઈ વિગતો જણાવેલ નથી. બંને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.ર અંગે નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૩ અંગે નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નિતીન સી. પટેલ,